Statement

## નિવેદન

આપણા ગુજરાતી વિવેચનમાં નર્મદ–નવલરામથી માંડીને છેક ૧૯૫૦ સુધીના ગાળામાં જુદા જુદા અભિગમો જોવા મળે છે. આપણી સંસ્કૃત કાવ્યમીમાંસા તો રૂપપરાયણ હતી. તેમાં તેઓએ ઔચિત્ય-વિચાર, અલંકારરચના, રીતિ, વક્રોક્તિવિચાર કે રસની ચર્ચામાં કળાની સ્વાયત્તતાને ક્યારેક પ્રચ્છન્ન તો ક્યારેક પ્રકટરૂપે સ્વીકારી છે. કૃતિમાંથી નિષ્પન્ન થતો રસ એ જ કૃતિનો અર્થ એવું એમાંથી તારણ નીકળી શકે તેમ છે.+ તેમાં પણ રસની ઉચ્ચાવચતાનો આગ્રહ રખાયો નથી. બીભત્સ, કરુણ કે શૃંગારમાં શ્રેણીભેદ કે કક્ષાભેદ નથી. એની સામગ્રી કરતાં નિષ્પત્તિની પ્રક્રિયા મહત્ત્વની છે. છતાં ગુજરાતી વિવેચનમાં પ્રારંભથી જ સામગ્રી પરત્વેનો ઝોક વધુ રહ્યો જણાય છે. વિશિષ્ટ રાજકીય–સામાજિક પરિસ્થિતિને કારણે ઉદ્દેશલક્ષી સાહિત્ય જ "સાહિત્ય"નો પર્યાય બને છે. પ્રકટ બોધને અનુકૂળ "નિબંધ" ગદ્યસ્વરૂપ તરીકે એ રીતે પ્રથમ ખેડાય છે; વાર્તા--નવલકથા પછી આવે છે. એમાં જીવનદૃષ્ટિને વધુ મહત્ત્વ અપાયું. અલબત્ત, આ ગાળામાં કેટલાક શુદ્ધ સાહિત્યિક પ્રયત્નો થયા, તેની ક્યારેક નિંદા પણ કરવામાં આવી. છતાં શ્રી રમણભાઈ નીલકંઠ, આનંદશંકર ધ્રુવ કે ક્યારેક બ.ક.ઠાકોર જેવાએ "આકાર" કે "રૂપ"નું નામ પાડીને નહિ પણ રૂપરચનાવાદની દૃષ્ટિએ કેટલાક વિવેચનો આપ્યાં. તોલસ્તોય અને રસ્કિનના વિચારોનો ગાંધીજી પર પ્રભાવ હોવાથી અને ગાંધીજીની દૃષ્ટિ સમગ્રરીતે જીવનલક્ષી હોવાથી ગાંધીયુગમાં "જીવન ખાતર કલા"ની હિમાયત વિશેષરૂપે થતી રહી. રૂપરચનાની વિભાવના એના સ્પષ્ટરૂપે ———

---

+ સ એષ: પરમો વ્યંગ્ય: અભિનવગુપ્ત.

સિધ્ધાંત લેખે આપણે ત્યાં પશ્ચિમમાંથી આવી. આપણે ત્યાં પાશ્ચાત્ય વિવેચનાને તેના યથાર્થ સંદર્ભમાં ૧૯૫૦ પછી આલોચવામાં આવી. "રૂપરચના" કે "આકારનિર્મિતિ" જેવા શબ્દો ત્યારથી આપણા વિવેચનમાં જોવામાં આવે છે ખરા, છતાં એ વિશેની સૈધ્ધાન્તિક ભૂમિકાની માંડણી વ્યવસ્થિત રીતે થયેલી દેખાતી નથી. સાહિત્યસર્જનમાં આ ગાળાના કેટલાક સર્જકો રૂપરચનાના આગ્રહી રહ્યા છે; એ પ્રકારની શુધ્ધ રચનાઓ પણ આપે છે, પરંતુ એમનો આ આગ્રહ એમની કૃતિઓ પર કેવોક પ્રભાવ પાડે છે તેની તટસ્થ તપાસ ઝાઝી થઇ લાગતી નથી. આવી પરિસ્થિતિમાં ઘણા સન્નધ્ધ સર્જકોને એક અથવા બીજી રીતે વિવેચકોના હાથે ખમવું પડે છે. આ પરિસ્થિતિનું નિદાન કરવું જરૂરી લાગવાથી રૂપરચનાવાદનાં ગૃહીતોને, એનો પ્રતિવાદ કરનારાઓની તાર્કિક ભૂમિકાએ તપાસવી જોઇએ. અહીં શોધનિબંધમાં સામાન્યપણે એ પ્રકારનો ઉપક્રમ કેન્દ્રમાં રાખ્યો છે.

આપણું અત્યારસુધીનું મોટાભાગનું વિવેચન content-oriented હોવાથી રૂપરચનાનું મહત્વ મોકળે મને સ્વીકારાયું નથી. આથી અહીં સૌ પ્રથમ રૂપરચનાના સિધ્ધાંતની એના પૂર્વપક્ષ અને ઉત્તરપક્ષ સહિત ઉત્ક્રાન્તિને તાત્ત્વિક ભૂમિકાએ અવલોકવાનો ઉપક્રમ છે. ત્યારપછી એનો પ્રતિવાદ ચૈતન્યલક્ષી અભિગમ ધરાવનારા વિવેચકોએ, અનુ-આધુનિક સંરચનાવાદના પુરસ્કર્તાઓએ તથા ફિનોમિનોલોજીની દાર્શનિક ભૂમિકા ધરાવનારા વિવેચકોએ કેવી રીતે કર્યો છે તે અહીં બતાવ્યું છે. આ પરિપ્રેક્ષ્યને લક્ષમાં રાખીને ૧૯૫૦ પછીના ગુજરાતી ભાષાના સર્જનાત્મક સાહિત્યમાંથી ચર્ચામાં અનુકૂળ બની રહે તેવાં પાંચ કાવ્યો અને પાંચ ટૂંકી વાર્તાઓ મે

લીધા છે. અને તે તે કૃતિઓનું રૂપરચનાના અભિગમથી મૂલ્યાંકન કરવાથી કૃતિને વધુ ન્યાય થાય છે અને જો એ અભિગમ ન સ્વીકારીએ તો કેટલુંક મૂલ્ય રસદૃષ્ટિએ બાકી રહી જાય છે તે દર્શાવ્યું છે. ટૂંકી-વાર્તા અને કવિતા એ બંને સાહિત્યસ્વરૂપો ઉપર એકંદરે રૂપરચનાની અસર વધુ સ્પષ્ટ અને વ્યાપકરૂપે પડી જણાઇ હોવાથી ચર્ચાને મેં એ બે સ્વરૂપો પૂરતી મર્યાદિત રાખી છે. ગુજરાતી વિવેચનમાં સૈદ્ધાંતિક ભૂમિકા પર આધારિત સીમાસ્તંભરૂપ વિવેચકોની વિવેચના તપાસવાનો ઉપક્રમ રાખ્યો છે. આખી ચર્ચાના નિષ્કર્ષને અંતે અનુત્તરિત રહેલા કેટલાક પ્રશ્નોને રજૂ કરવાનો પ્રયત્ન કર્યો છે.

૧૯૫૦ પછી ગુજરાતી વિવેચનમાં રૂપરચનાને લગતા કેટલાક છૂટાછવાયા લેખો જોવા મળે છે, પરંતુ આ વિભાવનાના વિસ્તૃત અને સર્વગ્રાહી અભ્યાસનો કદાચ આ પહેલો પ્રયત્ન છે. રૂપરચનાવાદની વિભાવનાની આખી ઉત્ક્રાન્તિ તપાસી સંસ્કૃત કાવ્યમીમાંસા સાથેના તેના સામ્યને તપાસવાનો પ્રયત્ન પણ મેં અહીં કર્યો છે. સાહિત્યકૃતિ એ સ્વયંપર્યાપ્ત એકમ છે અને એનું મૂલ્યાંકન વસ્તુલક્ષી અભિગમે થવું જોઇએ એ મુદ્દાને લક્ષમાં રાખી ગુજરાતી કવિતા તેમજ ટૂંકીવાર્તા જેવાં સાહિત્યરૂપોને કૃતિઓના સંદર્ભમાં ચર્ચવાનો પ્રયત્ન પણ કદાચ આ પહેલો હશે. એ રીતે રૂપરચનાવાદના પરિપ્રેક્ષ્યમાં અને આપણે ત્યાં થયેલા વિચારનો શક્ય તેટલો વિસ્તૃત અને સર્વગ્રાહી અભ્યાસ પ્રથમવાર રજૂ થાય છે.

મારા આ શોધનિબંધના વિષયસૂચનથી માંડીને તે પૂરો થયો ત્યાં સુધી મારા વિચાર અને લેખનમાં કીંમતી માર્ગદર્શન પૂરું પાડવામાં મારા માર્ગદર્શક શિક્ષક અને ગુરુ ડો. સુરેશ હ. જોષીનો ન ભૂલી શકાય તેવો ફાળો રહ્યો છે. શોધનિબંધ સંપૂર્ણપણે તેઓની

નજરતળેથી પસાર થયા પછી ટાઇપમાં ગયો, ત્યાં જ તેમનું અકાળે દુ:ખદ અવસાન થયું. આજે તેઓ આપણી વચ્ચે નથી, પણ આ કામ હું તેમની ઇચ્છા-માર્ગદર્શન પ્રમાણે પૂરું કરી શકી છું તેનો સંતોષ છે.

ડો. હરિવલ્લભ ભાયાણી અને અન્ય કેટલાક વિદ્વાનોએ રૂબરૂ તેમજ પત્ર દ્વારા મને આ વિષય વિશે કેટલાંક મહત્ત્વનાં સૂચનો કર્યાં છે તે માટે એ સૌનો આ સ્થળે આભાર વ્યક્ત કરું છું. સાહિત્યતત્ત્વના પ્રથમ સૂક્ષ્મ પાઠ શીખવનાર મારા સ્વજન વિદ્યા-ગુરુનું અહીં સુખદ સ્મરણ થયા કરે છે પણ એમનો આભાર માનવાની ઔપચારિકતા કરું તો તેમને ન જ ગમે.

પ્રમાણમાં અલ્પચર્ચિત રહેલા આ વિષયને સ્પષ્ટરૂપે ઉપસાવવા માટે અનેક પુસ્તકોમાંથી પસાર થવું પડ્યું છે એ માટે શ્રીમતી હંસા મહેતા પુસ્તકાલય, મ. સ. યુનિવર્સિટી, શ્રી એમ. કે. અમીન આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ એન્ડ કોમર્સ કોલેજ ઓફ ~~કોમર્સ~~ પાદરા, નું પુસ્તકાલય અને અન્ય પુસ્તકાલયોના કર્મચારીઓના સહકાર બદલ તેમનો આભાર માનું છું. યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશનની પ્રારંભના ગાળામાં મળેલી ફેલોશીપના પ્રોત્સાહનથી જ આ કામ થઇ શક્યું છે, તેથી તેનો અંત:કરણપૂર્વક આભાર માનું છું. અને ઝડપથી, ચોકસાઇપૂર્વક ટાઇપીંગ કરી આપવા માટે ભાઇશ્રી કાછીયાનો આભાર માનું છું.

અંતે, વિવેચનના એક મહત્ત્વના અભિગમને સમજવાનો-સમજાવવાનો આ મારો નમ્ર પ્રયત્ન છે. એનો અર્થ એ નથી કે કેવળ આ એક જ અભિગમ કૃતિના અનુશીલન - પરિશીલન માટે પર્યાપ્ત છે. વાસ્તવમાં તો બાયરને કહ્યું હતું તેમ "Every Poet is his own Aristotle".